# બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષણ સહાયક ભરતી પ્રક્રિયા–૨૦૧૬ અન્વયે નામ.હાઈકોર્ટમાં દાખલ થયેલ SCA NO.15339/2020 તથા અન્ય ગ્રુપ મેટરોના તા.૧૬/૦૧/૨૦૨૪ના ચુકાદાની અમલવારી સબબ ભરતી પ્રક્રિયા માટે ઉમેદવારો માટેની ઓનલાઇન શાળા પસંદગી અંગેની સૂચનાઓ

- શિક્ષણ વિભાગના તા.૧૧/૨/૧૧ના જાહેરનામા અને તેમા થયેલા વખતોવખતના સુધારાની જોગવાઈઓ મુજબ બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં શિક્ષણ સહાયક ભરતી વર્ષ–૨૦૧૬ના નામ.હાઈકોર્ટમાં દાખલ થયેલ SCA NO.15339/2020 તથા અન્ય ગ્રુપ મેટરોના તા.૧૬/૦૧/૨૦૨૪ના ચુકાદાની અમલવારી સબબ ભરતી પ્રક્રિયા અન્વયે વેબસાઈટ પર તા.૦૯/૦૭/૨૦૨૪ના રોજ ફાઈનલ મેરીટ લીસ્ટ વેબસાઈટ પર પ્રસિદ્ધ કરવામાં આવે છે.
- ઉપલબ્ધ વિષયવાર, કેટેગરીવાર જગ્યાઓના પ્રમાણમાં ફાઇનલ મેરીટ લિસ્ટ તૈયાર થયેલ છે. આ ફાઇનલ મેરીટ લિસ્ટમાં દરેક ઉમેદવારની સામે તેમની પસંદગી કઈ કેટેગરીમાં થયેલ છે તેની વિગતો દર્શાવવામાં આવેલ છે. તેમજ ફાઇનલ મેરીટ લિસ્ટના તમામ ઉમેદવારોને આ અંગેની SMS/E-Mailથી જાણ કરેલ છે.
- ફાઇનલ મેરીટ લિસ્ટમાં સમાવિષ્ટ ઉમેદવારોએ પોતાના લોગ–ઇનમાં જઇ તા.૦૯/૦૭/૨૦૨૪ના રોજ ૧૫:૦૦ કલાકથી તા.૧૧/૦૭/૨૦૨૪ના રોજ ૨૩:૫૯ કલાક સુધી વેબસાઈટ https://www.gserc.in/ પર પોતાની ઓનલાઈન શાળા પસંદગી આપવાની રહેશે.
- ફાઇનલ મેરીટ લિસ્ટમાં સમાવિષ્ટ તમામ ઉમેદવારોએ શાળા ફાળવણી અર્થે ઓછામાં ઓછી એક શાળાની ઓનલાઈન શાળા પસંદગી આપવાની રહેશે.
- ઓનલાઈન શાળા પસંદગી ન આપનાર ઉમેદવાર ભરતી પ્રક્રિયા અન્વયે પોતાનો હક્ક જતો કરવા ઇચ્છે છે તેમ માની તેઓને ભરતી પ્રક્રિયામાથી બાકાત રાખવામાં આવશે તથા તેની ઉમેદવારી રદ ગણાશે.જેની સંબંધિતો ખાસ નોંધ લેવી.
- **ઓનલાઈન શાળા પસંદગી કરવા માટેની જરૂરી સૂચનાઓ :**
  - ઉમેદવારે https://www.gserc.in/ વેબસાઈટ પર જઈ home page પર Click Here For Loginની નીચે માધ્યમિક વિભાગ માટે Candidate login – SSC અને ઉચ્ચતર માધ્યમિક વિભાગ માટે Candidate login – HSC પર ક્લિક કરવાનું રહેશે. ત્યારબાદ ઉમેદવારે પોતાનો ટાટ નંબર/રોલ નંબર, જન્મતારીખ, મોબાઈલ નંબર નાખી લોગઈન થવાનું રહેશે.
  - જે ક્લીક કરતા લોગઈન થયેથી સ્ક્રીન પર વિષય અને કેટેગરી મુજબ ઉપલબ્ધ શાળાઓના નામ ખૂલશે. તે શાળાઓ પૈકી ઉમેદવારે પોતાના પસંદગીના ક્રમ(વિકલ્પ) આપવાના રહેશે. દા.ત. ઉમેદવાર ગુજરાતી વિષયના હોય અને તેમને એલૉટેડ કેટેગરી જનરલ હોય તો ગુજરાતી વિષયની જનરલ કેટેગરીની પાંચ જગ્યાઓ હોય તે પાંચ શાળાના નામ ઉમેદવારને દેખાશે. આ પાંચ શાળાઓ માટે ઉમેદવારે પોતાનો પસંદગી ક્રમ આપવાનો રહેશે. તેમજ બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ એક સ્વતંત્ર એકમ તરીકે અસ્તિત્વમા હોઇ જે તે શાળાની મહિલા અનામતની જગ્યા પર ફક્ત મહિલા ઉમેદવારોની જ ફાળવણી કરવાની હોઇ પુરૂષ ઉમેદવારોને મહિલા અનામતની જગ્યાઓ દર્શાવવામાં આવશે નહિ.
  - ઉમેદવારો પોતાની શાળા પસંદગીમાં શાળા પસંદગી આપવાની છેલ્લી તા. ૧૧/૦૭/૨૦૨૪ના રોજ ૨૩:૫૯ કલાક સુધી ફેરફાર કરી શકશો. પરંતુ તા. ૧૧/૦૭/૨૦૨૪ના રોજ રાત્રીના ૧૨:૦૦ કલાકે આપે જે શાળા પસંદગી આપેલ હશે તેને અંતિમ માની સોફ્ટવેર ઓટો સબમીટ આપી દેશે તે સમયે આપેલ વિકલ્પ અનુસાર આપના મેરીટ મુજબ આપને સોફ્ટવેર ઓનલાઈન શાળા ફાળવણી કરવામાં આવશે.
  - શાળા ફાળવણીની આગામી પ્રક્રિયા માટે નિયમિત વેબસાઈટ જોતા રહેવાનું રહેશે.